# વિદેશયાત્રા વેળા ફોરેક્સ કાર્ડની ઉપયોગિતા અને ગ્રાહક અધિકાર

**દેશમાં વધેલી વિદેશયાત્રાને લઈને ઘણી બેંકો અલગ-અલગ કાર્ડ આપી રહી છે. જેથી કરીને વિદેશમાં યાત્રીઓને વિદેશી મુદ્રા બાબતે પરેશાની ન થાય. સમયની સાથે આ વિદેશી કાર્ડમાં પણ ફેરફાર થયા. હાલમાં ફોરેક્સ કાર્ડ વધુ ચલણમાં છે. કેમ આ કાર્ડને ઉત્તમ માનવામાં આવે છે?**



**ચેતન જે.ટેલર.** aarpar@gmail.com



દેશમાં વધેલી વિદેશયાત્રાને લઈને ઘણી બેંકો અલગ-અલગ કાર્ડ આપી રહી છે. જેથી કરીને વિદેશમાં યાત્રીઓને વિદેશી મુદ્રા બાબતે પરેશાની ન થાય. સમયની સાથે આ વિદેશી કાર્ડમાં પણ ફેરફાર થયા. હાલમાં ફોરેક્સ કાર્ડ વધુ ચલણમાં છે. કેમ આ કાર્ડને ઉત્તમ માનવામાં આવે છે? જોઈએ.

**સસ્તું છે ફોરેક્સ ક્રેડિટ કાર્ડ**

ફોરેક્સ ક્રેડિટ કાર્ડને ઘણી રીતે સસ્તું માનવામાં આવે છે. જોકે ગ્રાહક આને યોગ્ય કિંમત ચૂકવી ખરીદી શકે છે જેમાં ગ્રાહકે એક જ વખત ચૂકવણી કરવાની હોય છે. કાર્ડ ઇસ્યૂ કરવાની કિંમત કાર્ડમાં

નાંખવામાં આવેલા નાણાંથી અલગ હશે. સાથે કાર્ડ સંબંધી સેવા ચાર્જ જરૂર અલગ નક્કી કરવામાં આવેલ છે. જેમાં કાર્ડ નવીનીકરણ, ડેમેજ કાર્ડ, પ્રતિ સ્થાપન, એટીએમ ઉપાડ, એટીએમ બેલેન્સ જાણકારી અને ડુપ્લિકેટ પિનની સુવિધા છે.

ફોરેક્સ કાર્ડને સુવિધાજનક બનાવવામાં ચોક્કસ એક્સચેન્જ કિંમતનું મોટું યોગદાન છે. કેમ કે કાર્ડ ઇસ્યૂ થાય ત્યારથી જ તે દિવસે એક્સચેન્જ કિંમતને કાર્ડમાં લૉક કરી દેવામાં આવે છે, ત્યાર પછી તમે જ્યારે કાર્ડનો ઉપયોગ તમારા બિલ ચૂકવણી માટે કરો છો તે પહેલાં દિવસથી લૉક્ડ એક્સચેન્જ કિંમત અનુસાર જ નાણાં પરિવર્તન કિંમત ચાર્જ કરે છે જેનાથી કાર્ડધારકને ઘણો ફાયદો થાય છે. વિભિન્ન બેંક વિદેશી ચલણના દરે આ કાર્ડ વેચે છે. ગ્રાહકે એ જાણવાની જરૂર છે કે કઈ બેંક કેટલો દર લગાડી રહી છે. આ દર રોજ બદલાતા રહે છે.

**આ લોકો માટે જરૂરી છે ફોરેક્સ ક્રેડિટ કાર્ડ**

નિવૃત્ત નાગરિકો માટે આ કાર્ડ સૌથી સુવિધાજનક છે, જે હંમેશાં વિદેશમાં ફરવા અથવા પોતાના સંબંધીને મળવા જાય છે. જોકે બેંકો દ્વારા આ લોકોને સરળતાથી ક્રેડિટ કાર્ડ મળતાં નથી.

જે વિદ્યાર્થી વિદેશમાં પોતાનાં અભ્યાસ માટે જાય છે અને થોડા સમય માટે રહે છે. તેના માટે પણ ફોરેક્સ ક્રેડિટ કાર્ડ સુવિધાજનક છે.

યુવા વર્ગ, જેની આવક ક્રેડિટકાર્ડ ધારક માટેના નિયમોને અનુરૂપ નથી, તેના માટે પણ વિદેશ યાત્રા દરમ્યાન ફોરેક્સ કાર્ડ એક સારો વિકલ્પ છે.

**ક્યાંય પણ ક્યારેય પણ**

ફોરેક્સ કાર્ડની સૌથી મોટી ખાસિયત છે કે એ સામાન્ય એટીએમમાં પણ સરળતાથી વાપરી શકાય છે. ફોરેક્સ કાર્ડ તમને વિદેશમાં પણ ઘણી સારી સેવા આપે છે. ઑનલાઇન રોકડ લેવડ-દેવડ, વિમાન ટિકિટ બુકિંગ, હોટલ બુકિંગ કેબ રકમ ચૂકવણી, ઇ-વાણિજ્ય સેવા, રેસ્ટરેન્ટ બિલ ચૂકવણી, કરમુક્ત ખરીદી વગેરે જેવી બધી સેવાઓનો લાભ કાર્ડધારક વિદેશમાં પણ આસાનીથી લઈ શકે છે.

**ઇન્કવાયરી માટે પણ નાણાં**

એટીએમમાંથી રોકડ કાઢવાની બાકી રાશિની જાણકારી માટે સામાન્યરીતે રસીદનો વિકલ્પ હોય છે, પરંતુ ફોરેક્સ કાર્ડમાં બાકીની રકમની જાણકારી લેવા માટે ચાર્જ આપવો પડે છે જેની જાણકારી બેંક દ્વારા કાર્ડધારકનાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર એસએમએસ દ્વારા કરાય છે, અથવા ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા પણ તમે જમા ધનરાશિની લેવડ-દેવડ સંબંધી જાણકારી મેળવી શકો છો. એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે રજિસ્ટર્ડ નંબરનું સિમકાર્ડ જ વિદેશમાં ઉપયોગ કરવો.

**સંબંધી કરાવી શકે છે કાર્ડ રિચાર્જ**

ફોરેક્સ કાર્ડની એક વિશેષતા એ પણ છે કે ઘણી વખત કાર્ડધારક પાસે કાર્ડમાં જમા રકમ ખૂટી પડે છે, એવામાં જરૂરી ફોર્મને કાર્ડધારક પહેલેથી જ સહી કરીને પોતાના સંબંધી સભ્ય ને આપી શકે છે જેથી તે ધારકની ગેરહાજરીમાં ફોર્મના માધ્યમથી બેંક દ્વારા પ્રિપેડ કાર્ડમાં પૂરતી રકમ જમા કરાવી શકે. આ સાથે ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા પણ કાર્ડમાં રકમ રિચાર્જ થઈ શકે છે.

**ખોવાયેલ કાર્ડ ફરી મળી જશે**

અત્યાર સુધી આપેલ જાણકારીમાં ફોરેક્સ કાર્ડ સંબંધી ઘણી સેવાઓ વિશે માહિતી અપાઈ છે. પરંતુ જો કાર્ડ ખોવાઈ જાય તો આ સેવા બંધ થઈ શકે છે. આવી પરિસ્થિતિમાં કાર્ડ ખોવાઈ જવાની જાણકારી આપવી પડશે. સૂચના મળવાની સાથે જ બેંક કાર્ડથી જોડાયેલ બધી સેવાઓ બંધ કરી દેશે. ત્યાર પછી જ બેંક કાર્ડધારકને થોડા સમય પછી નક્કી કરેલ દર હેઠળ નવું કાર્ડ આપશે. આ કાર્ડ પોસ્ટ દ્વારા બેંકમાં રજિસ્ટર્ડ સરનામે મોકલી આપવામાં આવશે.

કાર્ડની એક્સપાયરી ડેટ જાણવી પણ જરૂરી છે

દરેક કાર્ડની જેમ ફોરેક્સ કાર્ડની પણ એક્સપાયરી તારીખ કાર્ડમાં પણ આપેલ હોય છે પરંતુ આ તારીખ દરેક બેંક દ્વારા અલગ અલગ નક્કી કરવામાં આવે છે. કાર્ડનું રિપ્લેસમેન્ટ દેશમાં આવ્યા પછી જ કરી શકાય છે. દેશમાં આવ્યા પછી નિર્ધારિત મુદતમાં કાર્ડ બેંકમાં જમા કરાવવું પડશે. જેના પછી નેવું દિવસની અંદર નવું ફોરેક્સ કાર્ડ વ્યક્તિને મળી જશે. ફેમાના નિયમ મુજબ ભવિષ્યમાં વિદેશ યાત્રા વખતે ધારક પોતાના કાર્ડમાં ફક્ત બે હજાર અમેરિકન ડોલર સુધીનાં નાણાં જ બચાવી રાખી શકે છે.

**વિશેષ સુવિધા**

ઘણી બેંક સુવિધા માટે વધારાનું કાર્ડ પણ આપે છે જે યાત્રી પોતાનાં સંબંધી કે સહયાત્રીને આપી શકે છે વધારાના કાર્ડ માટે નિશ્ચિત ચાર્જ ચૂકવવો પડે છે. ઘણી બેંક કાર્ડ માટે જવાબદારી વીમો પણ આપે છે જે તમારા કાર્ડને ઠગાઈની સંભાવનાઓથી બચાવે છે.

## ફોરેક્સ કાર્ડના ઉપયોગ પરનાં નિયંત્રણો

- ભારતમાં ફોરેક્સ કાર્ડનો ઉપયોગ થશે નહીં.
- નેપાળ અને ભૂતાનમાં પણ ફોરેક્સ કાર્ડ ચાલશે નહીં.
- બાકી જમા રકમની જાણકારી માટે પણ ચાર્જ ચૂકવવાનો હોય છે.
- અચાનક એટીએમમાં કાર્ડ ફસાઇ જવાથી પરેશાની વધે છે
- ભારતમાં આવવાવાળા એનઆરઆઇ આનો ઉપયોગ કરી શકે નહીં.
- ભારતમાં રહેતા વિદેશી નાગરિકો જ આનો ઉપયોગ કરી શકે છે.
- ફોરેક્સ કાર્ડના ઉપયોગ અંગે ધ્યાનમાં રાખવા જેવી બાબતો
- પિન નંબરપ ને કાગળ પર ન લખતાં યાદ રાખવો.
- રોકડ રકમ લેતી વખતે હમેશ ક્રેડિટ વિકલ્પ પસંદ કરવો નહી તો કાર્ડ રિજેક્ટ થઈ જશે.
- મર્ચન્ટ આઉટલેટસમાં પોતાના કાર્ડ માટે સંબંધિત વ્યક્તિને કાર્ડને ડિપ કરવાનું કહેવું.
- જો લેવડ-દેવડ ની પ્રક્રિયા ખોરવાઇ જાય તો વેપારી દ્વારા આપવામાં આવેલ કસ્ટમર ચાર્જ સ્લીપ પોતાની પાસે રાખવી.
- હમેશ કોઇ બીજા વ્યક્તિથી પણ કાર્ડ સ્વેપ પોતાની સામે કરાવો પણ પિન કોડ પોતાના હાથે નાંખવો.
- નોન બેઝ એટીએમ વાપરતાં પહેલાં એટીએમ લેવડ-દેવડ ચાર્જની જાણકારી મેળવી લેવી.
- કાર્ડનો ઉપયોગ હોટલથી ચેક આઉટ સમયમાં કરવો. જો કાર્ડધારક પહેલા તેનો ઉપયોગ કરે છે તો પૂરુ બિલ ચૂકવવા સુધી કાર્ડ લોક થઈ શકે છે.
- પિન કોડને કાર્ડ સાથે ક્યારેય રાખવો નહીં.
- પ્રાઇમરી કાર્ડને નવા કાર્ડ સાથે રાખવું નહીં.
- મર્ચન્ટ આઉટલેટસમાં કાર્ડનો ઉપયોગ કરતાં પહેલાં વિદેશી નાણાંની જાણકારી આપવી જેથી તેની ચૂકવણી કાર્ડમાં સમાયેલ નાણાં અનુરૂપ થાય.
- ઓનલાઇન મુદ્રા લેવડ-દેવડ દરમ્યાન વિન્ડો રિફ્રેશ કે કલોઝ કરવું નહીં.
- પોતાના કાર્ડને અજાણી વ્યક્તિને સ્વેપ કરવા આપવું નહીં.

